# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે રાજ્ય સરકારને શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવા આગ્રહ કર્યો.**
2. **શ્રી શાહ આજે આણંદમાં અમૂલ ડેરી ખાતે સહકાર મંત્રાલયના ચાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
3. **કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, પોતાના શહેરને હરિયાળું, અને સ્વચ્છ બનાવવાની સરકારની સાથે લોકોની પણ નૈતિક ફરજ.**
4. **બાળકોમાં ખાંડનું સેવન ઘટાડવા શાળાઓમાં “સુગર બૉર્ડ” લગાવવા શિક્ષણ વિભાગે માર્ગદર્શિકા જાહેર કરી.**
5. **રાજ્યના 196 તાલુકામાં વરસાદ, આજે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH GUJ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે રાજ્ય સરકારને શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવા આગ્રહ કર્યો. આણંદમાં ગઈકાલે દેશની સૌપ્રથમ "ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય"નું ભૂમિપૂજન કરતા શ્રી શાહે આ વાત કહી. તેમણે કહ્યું, સહકારી ધોરણે ટેક્સી અને વિમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંશાધન આ વિશ્વ-વિદ્યાલયમાંથી મળી રહેશે.

**(BYTE- AMIT SHAH)**

શ્રી શાહે સહકાર મંત્રાલયની સ્થાપનાને આર્થિક રીતે નબળા અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે ઐતિહાસિક પગલું ગણાવ્યું. તેમણે કહ્યું, સહકારે ક્ષેત્રમાં થતી ભરતીમાં આ વિશ્વ-વિદ્યાલયમાંથી શિક્ષણ લેનારાઓને નોકરી મળશે. દરમિયાન શ્રી શાહ આજે સહકાર મંત્રાલયના ચાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આણંદમાં અમૂલ ડેરી ખાતે યોજાનારા કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેશે.

# MANSUKH MANDAVIYA GUJ

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, સરકાર સાથે જોડાઈને પોતાનું નગર હરિયાળું, સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત બનાવવામાં લોકો યોગદાન આપે તે સૌની નૈતિક ફરજ છે. રાજકોટના ઉપલેટા તાલુકામાં ભાયાવદરના સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે ગઈકાલે અંદાજે 10 કરોડ 50 લાખ રૂપિયાના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ આ મુજબ જણાવ્યું.

ઉપરાંત શ્રી માંડવિયાએ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના રાણા-કંડોરણા અને બાલોચ ગામ તેમજ પોરબંદર રેલવેમથકની મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેમણે પોરબંદર શહેરમાં માર્ગ અને મકાન વિભાગના અંદાજે 12 કરોડ 80 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું.

# SURAT AAVAS

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું, લોકોને નવું ઘર આપવાની સાથે જૂના આવાસોનું નવીનીકરણ કરવું એ રાજ્ય સરકારની ઉત્તમ કાર્યશૈલીનું ઉદાહરણ છે. સુરતના માનદરવાજા ખાતે ગઈકાલે એક હજાર 312 ટેનામેંન્ટ, અગ્નિશમન મથક, નગર પ્રાથમિક શાળા તેમજ આંગણવાડી સહિતના નવીનીકરણના કામોનું ખાતમુહૂર્ત કરતા શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું, 40 ટકા વધારાની જગ્યા સાથે તૈયાર થનારું નવું ઘર ટેનામેંન્ટના પરિવારોને આનંદ આપશે.

**(BYTE= CR PAATIL, JALSHAKTI MINISTER)**

આ પ્રસંગે ધારાસભ્ય સંગીતા પાટીલે ઘણા વર્ષોથી મુશ્કેલીનો સામનો કરતા પરિવારોની સમસ્યાનો અંત આવ્યો હોવાનું જણાવ્યું.

# SURAT MEETING

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં ગઈકાલે સુરત જિલ્લા અને મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ. દરમિયાન

વરસાદી પાણીથી સર્જાયેલી સમસ્યાના નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી. સાંસદ પ્રભુ વસાવાએ કહ્યું, જિલ્લામાંથી શહેરમાં આવતા પાણીના નિકાલ અંગે ચર્ચા થઈ.

સુરત શહેર, જિલ્લા અને તાપી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા તમામ સંબંધિત વિભાગના અધિકારીઓની બનેલી ઉચ્ચ સ્તરની સમિતિ બનાવવાની યોજના પણ બનાવવામાં આવી.

**(BYTE- PRABHU VASAVA, MP)**

# SUGAR BOARD

શાળાના બાળકોમાં ખાંડના સેવનમાં ઘટાડો કરવા શાળાઓમાં યોગ્ય જગ્યાએ "સુગર બૉર્ડ" લગાવવામાં આવશે. ખાંડનું વધુ પડતું સેવન બાળકોના આરોગ્ય અને શિક્ષણને લાંબા સમયે અસર કરે છે. તેને ધ્યાને લઈ શાળાકક્ષાએ 'સુગર બોર્ડ' લગાવવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હોવાનું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

સુગર બૉર્ડમાં વધુ પડતા ખાંડના સેવનના જોખમ અંગેની માહિતી અપાશે. બોર્ડમાં દૈનિક ખાંડનું સેવન, ખોરાકમાં ખાંડનું પ્રમાણ, બિનઆરોગ્યપ્રદ ખોરાક જેમ કે, જંક ફૂડ, ઠંડા પીણાં, વગેરેની નોંધ રાખવામાં આવશે. ઉપરાંત વધુ પડતા ખાંડના સેવન સાથે સંકળાયેલા જોખમ અને આરોગ્યપ્રદ આહાર જેવી જરૂરી માહિતી શાળાકક્ષાએથી વિદ્યાર્થીઓને પ્રદાન કરવાની રહેશે.

# WEATHER FORECAST

રાજ્યમાં વરસાદનું જોર યથાવત્ છે. ત્યારે ગઈકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધી રાજ્યના 196 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ છ ઈંચ વરસાદ અરવલ્લીના ભિલોરા તાલુકામાં નોંધાયો. જ્યારે વલસાડના કપરાડા અને ધમરપુર, દેવભૂમિદ્વારકાના દ્વારકા અને કલ્યાણપુર, તાપીના ડોલવણમાં ચારથી પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

દરમિયાન હવામાન વિભાગે આજે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે રાજકોટ, ગીરસોમનાથ, બોટાદ, આણંદ, ભરૂચ, સુરત, તાપી અને ડાંગમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદ થઈ શકે છે તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE- RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)**

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસાના બાજુમાં અચાનક પાણીની આવક થતા ત્રણ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું. તેને લઈ મોડાસા શહેર સહિત તાલુકાના 16 ગામડાને ચેતવણી અપાઈ છે.

# REV RAJKOT SAMMELAN

"એક દેશ એક ચૂંટણી"ની પહેલને લોકો સુધી પહોંચાડવાના હેતુસર પાટણના સિદ્ધપુર ખાતે ગઈકાલે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું. દરમિયાન કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપે "એક દેશ એક ચૂંટણી"ના મહત્વ અને તેના ઉદ્દેશ અંગે લોકોને માહિતી આપી. તેમજ આ માહિતી લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું. આ પ્રસંગે સિદ્ધપુર શહેર, તાલુકા તેમજ સરસ્વતી તાલુકાના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

# WORLD ZOONOSIS DAY

આજે છ જુલાઈએ વિશ્વ ઝૂનોસિસ દિવસ તરીકે મનાવાશે. માનવ અને પ્રાણીઓ વચ્ચે ફેલાતા રોગ એટલે કે, ઝૂનોટિક ડિસીઝ અંગે લોકોમાં જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે આ દિવસ મનાવાય છે. ઝૂનોસિસ રોગોને નિવારવા પાલતુ પ્રાણીઓ અને અન્ય પશુઓનું રસીકરણ, વ્યક્તિગત સ્વચ્છતા, જીવજંતુ નિયંત્રણ, ખાદ્યપદાર્થોને પકાવીને જ સેવન કરવાનો, જાહેર આરોગ્ય વ્યવસ્થાઓ અને પશુ ચિકિત્સા વિભાગ વચ્ચે સહયોગ વધારવો જરૂરી છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

છ જુલાઈ 1885ના રોજ લૂઈ પાશ્વરે રેબીઝ રસીનો પહેલો સફળ ઉપયોગ કર્યો હતો. આ મહત્વની શોધની યાદમાં આ દિવસ માનવ અને પ્રાણીઓના આરોગ્ય માટે સમજદારીના પ્રયાસ તરીકે મનાવાય છે.

---------------------------------------------------------------------------------------